## સેક્ટર-૧૭ હેલીપેડ ગ્રાઉન્ડમાંથી એસઆરપી તંબુ ચોકી ઉઠાવી લેવાઈ

ગાંધીનગરમાં નવા સચિવાલય પાછળના વિસ્તારમાં નવું હેલીપેડ તૈયાર થઈ જતાં સેક્ટર-૧૭ના જુના હેલીપેડ ખાતે ચોવીસ કલાક બંદોબસ્ત માટે મુકવામાં આવેલી એસ.આર.પી. તંબુ ચોકીને આજથી ઉઠાવી લેવામાં આવી છે. હવેથી નવા હેલીપેડને એક્ટીવ કરાતા એસ.આર.પી. તંબુ ચોકીને તે હેલીપેડ ઉભી કરી દેવામાં આવી છે.

પાટનગરના સેક્ટર-૧૭ના હેલીપેડ ખાતે હેલીકોપ્ટરમાં અવર-જવર કરતાં મંત્રીઓ તથા વી.વી.આઈ.પી. મહાનુભાવોની સુરક્ષા વ્યવસ્થા માટે હેલીપેડ ગ્રાઉન્ડ પાસે એસ.આર.પી. તંબુ ચોકી હતી જેમાં ૨૪ કલાક એસ.આર.પી.ના જવાનો રહીને સુરક્ષા માટે ગોઠવાયેલા રહેતા હતા. તે ઉપરાંત જ્યારે વીવીઆઈપી મહાનુભાવો કે બિઝનેસમેન હેલીપેડ ઉતરવાના હોય કે ત્યાંથી પરત ફરવાના હોય તે સમયે એસ.આર.પી. જવાનો હેલીપેડ ગ્રાઉન્ડને કોર્ડને કરીને તેમની સુરક્ષા કરતા હતા. હવે આ તંબુ ચોકીને ઉઠાવી લેવામાં આવી છે. નવા સચિવાલયના પાછળના વિસ્તારમાં નવું હેલીપેડ કાર્યરત કરી દેવામાં આવતા સેક્ટર -૧૭ના જુના હેલીપેડ ખાતે બંદોબસ્તની જરૂર ન હોવાથી એસ.આર.પી. તંબુ ચોકીને તે સ્થળેથી હટાવી લેવામાં આવી છે અને તે તંબુ ચોકી નવા કાર્યરત થયેલા હેલીપેડમાં ઉભી કરી દઈ તે વિસ્તારમાં સલામતી માટે એસ.આર.પી. જવાનોને તૈનાત કરી દેવામાં આવ્યા છે.

# વ્યાજ ખોરીમાં થયેલા અપહરણની તપાસ એલ.સી.બી.ને સોંપાઈ

### વ્યાજ વટાઉના પ્રકરણમાં આડકતરી સંડોવણીને પગલે એક કોન્સ્ટેબલની બદલી

ગાંધીનગર, તા.૩

વ્યાજના રૂપિયા ન આપી શકનાર શહેરના સે-૧૩ના યુવાનનું અહરણ કરી તેના પિતાને 'રૂપિયા આપીને દિકરાને લઈ જાવ' તેવો કોલ કરી ધમકીઓ આપનાર ચાર વ્યાજખોરોની પોલીસે ધરપકડ કરી હતી. જે કેસમાં વ્યાજખોરીમાં વધુ કેટલીક બાબતો નીકળે તેવી શકયતાને પગલે સમગ્ર પ્રકરણની તપાસ જિલ્લા પોલિસ વડાએ એલ.સી.બી.ને સોંપી દીધી છે. ઉલ્લેખનીય છે કે વ્યાજખોરીના જ પ્રકરણમાં એક પોલિસ કોન્સ્ટેબલની સંડોવણી હોવાની ફરિયાદ ઉચ્ચ કક્ષાએ થતા તેની બદલીના જિલ્લા પોલિસ વડાએ ઓર્ડર જારી કરી દીધા છે.

શહેરના સેકટર-૧૩માં રહેતા યુવાન ચિરાગ છયાએ ખાનગી પેઢી પરવાના વગર ચલાવતા વ્યાજખોરો ઉત્તમ ખુમાનસિંહ ચૌહાણ, મયુર જગદીશ ચાવડા, પરવેઝ પઠાણ અને હરેશ ચૌધરી પાસેથી દોઢ લાખ વ્યાજે લીધા હતા તે રૂપિયા ચુકવી દીધા બાદ વધુ ૫૦ હજાર પણ આપ્યા હતાં તેમ છતાં ૧.૬૦ લાખ વ્યાજ પેટેનાં બાકી હોવાનું નિકળી પઠાણી ઉઘરાણી શરુ કરી ચારેય શખ્સોએ યુવાનનું અપહરણ કરી લીધું હતું અને ધમકીઓ આપી દિકરાને છોડાવવા રૂપિયા લઈને આવો તેવો કોલ અપહ્યુતના પિતાને કર્યો હતો. સે-૭ પોલિસે આયોજનપૂર્વક ચારેય અપહરણકારોને પકડી પાડી સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દીધા હતાં. આ કેસમાં વધુ કાંઈક નીકળે તેવી શકયતાને પગલે જિલ્લા પોલિસ વડાએ સમગ્ર તપાસ ગાંધીનગર એલ.સી.બી.ને સોંપી દીધી છે. વ્યાજ ખોરીનાં જ એક પ્રકરણમાં જિલ્લા પોલિસમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલની સંડોવણી હોવાનું ધ્યાન દોરવામાં આવતા જિલ્લા પોલિસ વડાએ તેની તાત્કાલિક બદલી કરી દીધી છે.



વિસનગરા નાગર પરિવાર, ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ રવિવારે સાંજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાયો હતો. ગાંધીનગર સ્થિત વિસનગરા નાગર પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવો સર્વે શ્રી ઉરેન મહેતા, વાસુદેવ પંડ્યા, મહેશભાઈ મહેતા, મહેશભાઈ રાવલ વિગેરેએ સમાજના તેજસ્વી તારલાઓને સન્માન કર્યું હતું. (તસવીર : દિપક જાની)

## વાઈબ્રન્ટ ટ્રેડફેરમાંથી મોબાઈલ ચોરી જનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં યોજાયેલા વાઈબ્રન્ટ ટ્રેડફેર દરમ્યાન એક સ્ટોલમાંથી સુરતની મહિલાનો મોબાઈલ ચોરી જનાર શખ્સ એલસીબી પોલીસને હાથે ઝડપાઈ ગયો છે. મોબાઈલ ચોર્યા બાદ સ્વિચ ઓફ કરી દેનાર મોબાઈલ ચોરે સીમકાર્ડ નાંખતા લોકેશન મેળવી એલ.સી.બી.ની ટીમે તેને પકડી પુછપરછ કરતાં પોલીસ પણ દંગ રહી ગઈ હતી. ચોરી કરનાર શખ્સ નારાયણી હોટલમાં કેટરીંગ સુપરવાઈઝર તરીકે જોબ કરે છે અને રૂ. ૧૫ હજારનો પગારદાર છે. તેની ધરપકડ કરીને વધુ પુછપરછ માટે સે. ૭ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ દરમ્યાન સુરતથી સંજયભાઈ વસી તથા તેમની પત્નિ ગાંધીનગર આવ્યા હતા તેમનો ટ્રેડફેરમાં એક સ્ટોલ હતો. તે દરમ્યાન સંજય વસીનો મોબાઈલ ચોરી થઈ ગયો હતો. મોબાઈલ શોધવા તેમણે ઘણા ફોન તે નંબર પર કર્યા પરંતુ કોઈએ કોલ રીસીવ કર્યો નહી થોડા સમય બાદ તેમનો મોબાઈલ સ્વિચ ઓફ કરી દેવાયો હતો. મોબાઈલ ચોરે સ્વિચ ઓફ કરી દીધા બાદ આજ દિન સુધી તે નંબર લાગ્યો ન હતો. સુરત જઈને મોબાઈલના માલીકે શુન્ય નંબરથી ફરીયાદ ગાંધીનગર પોલીસને મોકલી હતી તે દરમ્યાન ગઈકાલે મોબાઈલ ચોરે તે મોબાઈલ વેચવા માટે પ્રયાસ શરૂ કરીને એક સિમકાર્ડ તેમાં નાંખ્યું હતું. મોબાઈલ ટ્રેક થઈ જતાં ગાંધીનગર એલસીબી પી.એસ.આઈ. એન.એ. વાઘેલા તેમની ટીમના હે.કો. સુરેશભાઈ, પો.કો. કેતનભાઈ તથા હરીભાઈ સાથે તેની તપાસ શરૂ કરી દીધી હતી અને પેટ્રોલીંગ દરમ્યાન મોબાઈલ ચોર શખ્સ હૂકમ બાદરસિંહ રાણાને ઝડપી પાડ્યો હતો. હુકમ રાણા સાતેક વર્ષથી નારાયણી હોટલમાં કેટરીંગ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે અને રૂ. ૧૫ હજાર પગાર મેળવે છે તેમ છતાં રૂ. ૯ હજારના મોબાઈલની ચોરી કરી હોવાનું બહાર આવતા પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. આ અંગે સે. ૭ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગર વૈષ્ણવ બંધુજનો માટે વ્રજધામના દર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગ ગાંધીનગર દ્વારા તા.૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૩ને રવિવારના રોજ ગાંધીનગરથી ભરૂચ ખાતે શ્રી મહાપ્રભુજીની બેઠક અને ઝારીજી ભરવાનું તથા વડોદરા ખાતે વ્રજધામના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. દર્શન માટે જવા ઈચ્છતા ઉમેદવારોએ ૧૪મી ફેબ્રુઆરી સુધીમાં ડી.એફ. શાહ અથવા રસિકભાઈ ગાંધીને પોતાના નામ નોંધાવી દેવા જણાવ્યું છે.

ગાંધીનગરથી ભરૂચ ખાતે મહાપ્રભુજીની બેઠક, ઝારીજી ભરવાનું તથા વડોદરા ખાતે વ્રજધામના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્થળે જવા માટે પચાસ સીટીંગની બસ હવેલી મંદિર, સેકટર-૨૧થી સવારે ૫ કલાકે ઉપડશે અને રાત્રે ૧૧.૩૦ કલાકે હવેલી મંદિર ખાતે પરત આવશે. જે વૈષ્ણવો લાભ લેવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ વહેલા તે પહેલાના ધોરણે ૫૦૦ રૂ. ન્યોછાવર આપીને તા. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધીમાં ડી.એફ. શાહ તથા રસીકભાઈ ગાંધીને હવેલી મંદિરમાં સાંજના ૬ થી ૬.૩૦ દરમિયાન નામ નોંધાવી વહેલાસર સીટ નંબર મેળવી લેવા જણાવ્યું છે. બસ માટે પૂરતી સંખ્યા થશે તો જ આ પ્રવાસનું આયોજન કરવામાં આવશે.

### આજે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક મળશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મંત્રી સોમભાઈ ડી. પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જાગૃત નાગરિક પરિષદની કારોબારી સમિતિની બેઠક આજે તા. ૪થી ફેબ્રુઆરી-૨૦૧૩ને સોમવારે સાંજે ૪ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયાના અધ્યક્ષસ્થાને મળશે. સમગ્ર બેઠકમાં કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

## સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજ્યનું સ્નેહ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૩

સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત રાજ્યનું સ્નેહ સંમેલન અને કેબીનેટ મંત્રી ગણપતભાઈ વસાવાનો સન્માન સમારોહ તાજેતરમાં ગાંધીનગર ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો.

સમાજના સ્નેહ સંમેલનમાં ગુજરાત સરકારનાં નવા વરાયેલા આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ, મહિલા અને બાળ કલ્યાણ, વૈદ્યાનિક અને સંસદિય બાબતોના મંત્રી ગણપતભાઈ વસાવાનું સન્માન સમસ્ત આદિવાસી સમાજ અને ગુજરાતના વિવિધ આદિજાતિઓના સંગઠનો દ્વારા ઉમળકાભેર કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ગાંધીનગર યુનિયનના અગ્રણી પ્રભુદાસ ચૌધરીએ આવકાર પ્રવચન આપતા જણાવ્યું હતું કે, સમાજના સંગઠનોની એકતા ખૂબ જ જરૂરી છે. જેના થકી સમાજના છેવાડાના માણસો અને મહિલાઓનો વિકાસ થઈ શકશે. સંમેલનમાં સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડૉ. પ્રદિપ ગરાસિયાએ કેબિનેટ મંત્રી ગણપતભાઈ વસાવાને ગુજરાત સરકારમાં સૌથી નાની ઉંમરના અને આદિવાસી સમાજના પનોતા પુત્રને આ પદ આપવા માટે ગુજરાત સરકારને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે વિજય પટેલે આદિવાસી વિકાસના પડકારો અને ઉકેલ પર મનનીય પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. અતિથિ વિશેષ તરીકે અખિલ ભારત આદિવાસી પરિષદના પ્રમુખ ડૉ. આર.એલ. મીના સમસ્ત ઘોડિયા સમાજના પ્રમુખ કલ્યાણભાઈ પટેલ સમસ્ત વસાવા સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. એકલવ્ય તિરંદાજ એકેડમી નસવાડીના રાષ્ટ્રીય કક્ષાના ૨ ગોલ્ડ સહિત વિવિધ મેડલો અને રીલાયન્સ કંપનીનો રૂ. ૫ લાખનો એવોર્ડ મેળવનાર દીનેશભાઈ ભીલનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ સમસ્ત આદિવાસી સમાજના મહામંત્રી અરૂમકુમાર ચૌધરીએ કરી હતી.

**સ્નેહ સંમેલનમાં કેબીનેટ મંત્રી ગણપતભાઈ વસાવાનું સન્માન**

# ગંધાતું ગંદું પાણી, લાવ્યું હરિત ઊર્જા વાણી

કૃષિ આધારિત ઉત્પાદન સાથે સંકળાયેલ એક ઉદ્યોગ દ્વારા આશરે પચ્ચીસ વર્ષ પૂર્વેથી પ્રારંભ કરીને હવે મેઈઝ સ્ટાર્ચ પાવડર, પ્રવાહી ગ્લુકૉઝ, ડૅક્ષ્ટ્રોઝ મોનોહાઈડ્રેટ, મેલ્ટ્રોડેક્ષ્ટ્રીન, હાઈમાલ્ટોઝ કોર્ન સીરપ, ડૅક્ષ્ટ્રોઝ સીરપ તેમજ અન્ય આડ પેદાશોનું ઉત્પાદન કરવાના એકમો ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ ઉત્તરાખંડ ખાતે કાર્યરત્ કરવામાં આવ્યા છે. જે પૈકીનું એક એકમ વર્ષ ૧૯૯૪માં, નાના પાયે બસો મેટ્રિક ટન પ્રતિ દિનની ક્ષમતાવાળુ નાનું કોર્ન ગ્રાઈન્ડીંગ એકમ ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત અંબુજા એક્ષ્પોર્ટ લિમિટેડના બાયોકેમિકલ ડિવિઝન, હિંમતનગરના નામે શરૂ કર્યુ.

આ એકમ દરરોજ પંદરસો ઘન મીટર પાણી જમીનમાંથી ઉલેચતું હતું. અને તેના વપરાશ બાદ ગંદાપાણીને ચીલાચાલુ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે અદૂષિત કરવાના પ્રયત્નોમાં પ્રદૂષણ ઘટાડવાના પ્રયત્નો પછી સિંચાઈ અને ગાર્ડન માટે ઉપયોગમાં લેવાતું હતું. આ દરમિયાન ક્યારેક ધારાધોરણોના થતા ભંગની મુશ્કેલીઓ પણ સર્જાતી હતી. આ એકમના ગંદાપાણીમાં ઓર્ગૅનિક પ્રકારના દ્રવ્યોની હાજરીના કારણે તેના કચરામાં થતા સડાને રોકવા તેમજ તેમાંથી નીકળતા નહિવત્ બાયોગેસને સળગાવી દેવાતો હતો.

પ્રદૂષણના નિયંત્રણ પરત્વે અપૂરતા સંકલ્પ અને અમલને કારણે ઉપરોક્ત પરિસ્થિતિથી અસહ્ય દૂર્ગંધ આ એકમની આસપાસ પણ સતત ફેલાઈ રહી હતી. આ વિસ્તારના રહિશો અને અન્ય લોકોનો રોષ પણ ભભૂકી રહ્યો હતો. પર્યાવરણ પરત્વે સજાગ વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા પણ આ સમસ્યા દૂર કરવા ઘણા પ્રયત્નો થયા હતા. દરમિયાન, રાજ્યના હિતેચ્છુ તંત્ર દ્વારા આ ઉદ્યોગના મહારથીઓનું ધ્યાન ઉપલબ્ધ આધુનિક ટૅક્નોલોજીનો ઉપયોગ કરવા તરફ દોરવામાં આવ્યું. આમ, આ એકમને લાધેલા જ્ઞાન થકી, ઊભા થયેલ પડકારોને પહોંચી વળવા અદ્યતન ઍફ્લ્યૂઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો. સાથોસાથ ભૂગર્ભ જળને સમૃદ્ધ કરવા વરસાદી પાણીનું સંચય અને સિંચન કરવા રેઈન વૉટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ પણ તૈયાર કરવામાં આવી.

જૈવિક વિઘટનની ક્ષમતાવાળા ગંદાપાણીને ત્રણ તબક્કાવાળી ટૅક્નોલોજી મારફતે તેને અદૂષિત કરીને બાયોગેસ તેમજ વીજળી પેદા કરવાનું આયોજન કર્યું. આ ઓર્ગૅનિકવૅસ્ટવાળા ગંદાપાણીમાંથી બાયોગેસ મેળવીને ગેસ એન્જિન ચલાવવા તેમજ બોઈલરમાં બળતણ તરીકે પણ ઉપયોગી થાય તેવો બાયોગેસ મેળવવાની કામગીરી શરૂ કરી.

ખાસ બેક્ટેરિયામાંથી નીકળતા ઍક્સ્ટ્રા સેલ્યૂલર ઍન્જાઈમ્સની મદદથી પ્રથમ તબક્કામાં કાર્બોહાઈડ્રેટ્સ, લિપિક્સ, પ્રોટીન અને ઈનઓર્ગૅનિક પદાર્થોમાં રહેલી અટપટી રચનાવાળા મોટા અણુઓને ઓગાળીને સરળરૂપે તૈયાર કરવામાં આવે છે. આ તબક્કાને પોલીમર બ્રેક-ડાઉન કહે છે. આ ક્રિયાને હાઈડ્રોલિસિસની પ્રક્રિયા તરીકે પણ ઓળખવામાં આવે છે. વિગતે સમજવા માટે એવું કહી શકાય કે, પોલિમરાઈઝ્ડ ગ્લુકોઝ ધરાવતા ગ્લુકોઝનું પ્રથમ ડાયમેરિક અને ત્યારબાદ મોનોમેરિક સુગરના અણુઓમાં સેલ્યૂલોલિટિક બેક્ટેરિયા દ્વારા રૂપાંતર કરવામાં આવે છે.

બીજા તબક્કમાં, ચારે બાજુથી હવાની અવરજવર ન થઈ શકે તેવી ઍરટાઈટ સિસ્ટમ કે જે એનેરોબિક તરીકે પ્રચલિત છે, તેમાં અગાઉના તબક્કામાં તૈયાર થયેલા ગ્લુકોઝ જેવા મોનોમરનું ફર્મેન્ટેસન એટલે કે આથો લાવીને એસિડ બનાવતા બેક્ટેરીયાના એન્જાઈમ્સ મારફતે જુદાજુદા એસિડમાં રૂપાંતરીત કરવામાં આવે છે. જેમાં, છ પરમાણું ધરાવતા ગ્લુકોઝના કાર્બનના અણુઓની સંખ્યા ઓછી કરીને તેનાથી ઓછા અણુવાળા પદાર્થો જેવા કે, એસિટિક એસિડ, પ્રોપિઓનિક એસિડ, બુટિરિક એસિડ તેમજ ઈથેનોલમાં તબદીલ થાય છે.

છેલ્લા તબક્કામાં, મિથેનોજેનિક બૅક્ટેરિયા અગાઉના તબક્કામાંથી તૈયાર થયેલ પદાર્થોનો સફાયો કરીને મિથેન પેદા કરે છે. આ મિથેન, બાયોગેસ છે.

સામાન્યત: બાયોગેસ સાથે દૂર્ગંધના ગુણધર્મવાળો હાઈડ્રોજનસલ્ફાઈડ પણ મોજૂદ હોય છે. આ પદાર્થને અલગ કરવો આવશ્યક છે. ત્યારબાદ જ, આ બાયોગેસમાંથી વીજળી ઉત્પન્ન કરવા માટે બાયોગેસ એન્જિનમાં વાપરી શકાય. આ બાયોગેસનો ભઠ્ઠી (બોઈલર)માં પણ બળતણ તરીકે ઉપયોગ કરી શકાય.

ઉપરોક્ત ઉદ્યોગ દ્વારા બાયોગેસ આધારિત ગુઆસ્કોર બ્રાન્ડના ૯૪૫ કિલોવૉટની ક્ષમતાવાળા બે બાયોગેસ એન્જિન ચાલુ કરવામાં આવ્યા છે. આ એકમ દ્વારા હાથ ધરાયેલ કવાયત કારગત નીવડી છે. આ ઉદ્યોગ ખાતે બળતણમાં વપરાતા કોલસા/લિગ્નાઈટના જથ્થામાં બચત થઈ છે. આ એકમ હવે દરરોજ ૧૧,૦૦૦થી ૧૪,૦૦૦ ઘનમીટર બાયોગેસ પેદા કરે છે. જેમાંથી, રોજના ૧૮,૦૦૦થી ૨૫,૦૦૦ યુનિટની વીજળીનું ઉત્પાદન કરવામાં આવે છે. આ વીજળીની કિંમત છ રૂપિયા પ્રતિ યુનિટ લેખે આંકતા, આ ઉદ્યોગ દરરોજ રૂપિયા ૧૦૮,૦૦૦થી ૧૫૦,૦૦૦ના મૂલ્યની ઈલેક્ટ્રિસિટી મેળવી રહ્યું છે.

યુએએસબી બ્રાન્ડનું આધુનિક ડાયસ્ટર આ ઉદ્યોગના ગંદાપાણીમાંથી બાયોગેસ બનાવવાનું કામ આપે છે. હવે આ ઉદ્યોગના ગંદાપાણીને શુદ્ધ કરવાનો કીમિયો આ એકમ માટે કમાઉ દિકરાની ફરજ અદા કરી રહ્યો છે.

ઉદ્યોગ દ્વારા અદૂષિત/ટ્રીટમેન્ટ કરવામાં આવતા ગંદાપાણીનો પુનઃ ઉપયોગ પણ કરવામાં આવે છે. તેમજ આસપાસ વૃક્ષોના ઉછેર તથા ગાર્ડનની માવજત માટે પણ વાપરીને આ એકમનું પર્યાવરણ લીલુછમ્મ રાખવામાં કારગત નીવળ્યું છે.

આ આધુનિક ટૅક્નોલોજીનો ઉપયોગ નગરો તથા મહાનગરોમાંથી રોજબરોજ નિપજતા એંઠવાડ સહિતના બાયોડિગ્રેડેબલ કચરાને યોગ્યરીતે ભેગોને બાયોગેસ બનાવવા તથા વીજળી પેદા કરવાની શક્યતાઓ હવે હાથ વગી બની છે.

રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પુસ્તક કન્વિનિયન્ટ ઍક્સનમાં આલેખાયેલ દિશાનો લાભ લોકો સુધી પહોંચાડવા નક્કર પગલાં ભરવા માટે તંત્ર દ્વારા થતી કામગીરીની જાણ સૌને થાય, તેવી અપેક્ષા સ્વાભાવિક પણે લોકમુખે ચર્ચામાં રહે છે.

- નરેશ ઠાકર
- nareshkthakar@gmail.com

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮
સૂર્યાસ્ત : ૬.૨૭

### તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૪ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
વિશ્વરૂપમ્ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
ડેવિડ : ૧૨.૩૦, ૬.૩૦
રેસ-૨ : ૩.૪૫, ૧૦.૦૦
ઈન્કાર : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ડેવિડ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
દિવાના મેં દિવાના : ૧૨.૪૫
મેં : ૫.૪૫
રેસ- ૨ : ૭.૩૦
: સ્ક્રીન-૪ :
વિશ્વરૂપમ્ : ૩.૩૦
મેં : ૫.૪૫
ડેવિડ : ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૦૦
સમજદી (ગુજરાતી) : ૨.૪૫, ૫.૦૦
: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ડેવિડ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

તુ મારો કોણ લાગે (ગુજરાતી) : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિશ્વરૂપમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ડેવિડ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**ચિરાગ, કલોલ**

વિશ્વરૂપમ્ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. કાશીબેન સોમાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૭૭) ચરેડીવડ પાસે, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અંબાલાલ ઘનજીભાઈ પટેલ (ઉ.વ. ૬૧) બી-૫૧, શ્રીમંધરસીટી, ત્રિ-મંદિર, મુ.પો. અડાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંગૂબેન વેચાતજી ઠાકોર (ઉ.વ. ૧૦૦) મુ.પો. ધોળાકુવા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. સચિન પ્રવિણકુમાર ઠક્કર (ઉ.વ. ૧૭) પ્લોટ નં. ૨૧૯, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર.